| Innovation ID | DTP0010000006252 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title**: બળદને કાંધ (Yokegall)

**Category**: પશુ સંવર્ધન

**Notebook Number**: Lok-૮(૫), Oct.,૨૦૦૩, pg.no. ૧૪

**Brief**: બળદને કાંધ (Yokegall) આવે ત્યારે કોકમ (<i>Garcinia indica</i>)નું તેલ, કપૂરની ગોટી, કોપરેલ (<i>Cocos nucifera</i>)ના તેલનો ઉપયોગ

**Detail**: પશુને કાંધ (Yokegall) આવે ત્યારે કાંધના ભાગે ચાંદા પડે છે, સોજો આવી જાય છે, કોઈક વાર ગાંઠ જેવું પણ થાય છે અને પશુ બેચેની અનુભવે છે.

બળદને કાંધ (Yokegall) આવી હોય તો પશુપાલકના જણાવ્યા મુજબ, ૫૦ ગ્રામ કોકમ (<i>Garcinia indica</i>)નું તેલ, ૨ નંગ કપૂરની ગોટી, ૩૦ ગ્રામ કોપરેલ (<i>Cocos nucifera</i>) તેલ આ ત્રણે વસ્તુને એક પાત્રમાં લઈને ગરમ કરી મિશ્ર કરવામાં આવે છે. પાછળથી ચપટી હીંગ ઉમેરી મિશ્ર કરીને બીજી ડબ્બીમાં ભરી લેવામાં આવે છે. પછી રોજ સાંજે બળદની કાંધ ઉપર લગાવવાથી એક અઠવાડિયામાં મટી જાય છે.

આ પદ્ધતિ પરંપરાગત છે.
આ પદ્ધતિ અમારા બાપ-દાદાઓ પાસેથી શીખેલા છીએ.
આ પદ્ધતિમાં કોઈ ફેરફાર કરેલ નથી.
આ પદ્ધતિમાં દવા બનાવવા માટેની દરેક વસ્તુ ગામમાં તથા દુકાનેથી મળી રહે છે.
આ પદ્ધતિ પાછળ આશરે ૨૦ થી ૨૫ રૂપિયાનો ખર્ચ થાય છે.
આ પદ્ધતિમાં કોઈ આડઅસર થતી નથી.

અન્ય ઉપયોગ કર્તા:
કનુભાઈ બાવાભાઈ વઢેર
મહાદેવભાઈ શીવાભાઈ કટારિયા
પોપટભાઈ કેવળભાઈ ઠાકોર
દશરથભાઈ મહાદેવભાઈ ઠાકોર
ધનાભાઈ દાનાભાઈ સોલંકી
ઉત્તરદાતાના જણાવ્યા મુજબ ઉપરોક્ત વ્યક્તિઓ આ પદ્ધતિ વિશે જાણે છે અને હાલમાં ઉપયોગ પણ કરે છે.

સંલગ્ન પદ્ધતિ -
ઉત્તરદાતાના જણાવ્યા મુજબ શિયાળામાં જ્યારે પગમાં વાઢિયા પડે ત્યારે અથવા હોઠ ફાટે ત્યારે આ પદ્ધતિનો લેપ લગાડવાથી રાહત થાય છે.

(નોંધ:- આ પદ્ધતિનૂં પીઆઈસી તા. ૩-૬-૨૦૦૬માં મહેન્દ્રસિંહ. બી. વાઘેલાએ કરેલ છે.) (આ પદ્ધતિ સાચી છે.)

**Method of Use**:

**Caution**: આ પદ્ધતિમાં કોઈ સાવચેતી રાખવામાં આવતી નથી.

**Benefit**: ઘર આંગણે સારવાર આપી શકાય છે.
દવાની વસ્તુ ગામમાં જ મળી રહે છે. ટૂંકમાં નહિવત ખર્ચ થાય છે.

**Condition**:

**Material Used**: કોકમ (<i>Garcinia indica</i>)નું તેલ, કપૂરની ગોટી , કોપરેલ (<i>Cocos nucifera</i>)નું તેલ

**IPR Status**:

**Keywords**: કાંધ, Yokegall, બળદ, કોકમ, Garcinia indica, કપૂર, ગોટી, કોપરેલ, Cocos nucifera, તેલ, સુરેન્દ્રનગર

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૫૩૧૮ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name નટુભાઈ Middle Name રતુભાઈ Last Name વડેર

Profession ખેતી, પશુપાલન Designation ખેડૂત, પશુપાલક

Address 1

Village મું. એરવાડા Taluka પાટડી

District Surendranagar State Gujarat Country India

Biography ખેડૂતનો પરિચય:
ઉત્તરદાતાની ઉંમર ૩૪ વર્ષ છે. તેમની પાસે ૫૦ વિઘા જમીન છે. પત્ની પુષ્પાબેન જેમની ઉંમર ૩૨ વર્ષની છે. સાથે મળીને ખેતી કરે છે. તેમને એક બાબો અને એક બેબી છે. જે હાલમાં પ્રાથમિક શાળામાં અભ્યાસ કરે છે. ખેતી ઉપરાંત પશુપાલન વ્યવસાય કરે છે. તેમની આર્થિક પરિસ્થિતિ સારી છે.
નટુભાઈ જણાવે છે કે સંશોધન કરવું તે મારો પ્રિય વિષય છે. નવીનીકરણ કરવું, નવા અખતરા કરવા તે રસના વિષયો છે.
મહિલાનો અભિપ્રાય – ઉત્તરદાતાના પત્ની પુષ્પાબેન આ પદ્ધતિની માહિતી આપતાં જણાવે છે કે ગામમાં ઘણા ખરા લોકો આ પદ્ધતિ વિશે જાણે છે અને ઉપયોગ કરે છે જ્યારે આ પદ્ધતિનો ઉપયોગ કરવાનો હોય ત્યારે જોઈતી મદદ કરાવીએ છીએ.

ગામનો પરિચય:
એરવાડા ગામ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલું છે. દશાડા તાલુકાથી આશરે ૨૦ થી ૨૫ કિ.મી દૂર આવેલું છે. ગામમાં જવા માટે પ્રાઈવેટ સાધનોની સગવડ છે. કુલ ૨૦૦૦ની વસ્તી ધરાવતા આ ગામમાં શિક્ષણનું પ્રમાણ ૮૦ ટકા જેટલું છે.
ગામમાં પ્રાથમિક સુવિધામાં બાલમંદિર, પ્રાથમિક શાળા, ટેલિફોન, આયુર્વૈદિક દવાખાનું, દૂધ મંડળી, સહકારી મંડળી, સસ્તા અનાજની દુકાનની વ્યવસ્થા છે.

ગામમાં લોકોની આર્થિક પરિસ્થિતિ સારી છે. અહીંની જમીન કાળી અને ગોરાડું છે. પાકોમાં કપાસ, જુવાર, બાજરી, ઘઉં, ચણા તથા જીરૂ થાય છે. પિયત તરીકે બોરની વ્યવસ્થા છે.
ગામમાં કુદરતી સૌંદર્યમાં લીમડો, વડ જેવા ઝાડો થાય છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૬૨૦૨ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name મહેન્દ્ર Middle Name બી. Last Name વાઘેલા

Profession Designation

Address 1

Village મું. ઉધરોઝપુરા Taluka માંડલ

District Ahmadabad State Gujarat Country India

Biography